© 2021 IJNRD | Volume 6, Issue 3 March 2021 | ISSN: 2456-4184 | IJNRD.ORG

# શિક્ષણ સ્નાતકના વિષય ‘અધ્યયન અધ્યાપન’ વિષયની શૈક્ષણિક સિદ્ધિ પર વિવિધ વિષય વસ્તુની અસર

**ડૉ.બી.બી.રામાનુજ**
**પ્રોફેસર અને અધ્યક્ષ,**
**સૌરાષ્ટ્ર યુનિવર્સીટી.**

**1.0 પ્રસ્તાવના**

શિક્ષણના સ્નાતક અભ્યાસક્રમમાં વાણિજ્ય વિનયન અને વિજ્ઞાન વિદ્યા શાખા ઉપરાંત અલગ અલગ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ પણ અભ્યાસ કરતા હોય છે આ વિદ્યાર્થીઓ અલગ અલગ વિષયોમાં સ્નાતક અથવા અનુસ્નાતક સુધીનો અભ્યાસ પૂર્ણ કરી શિક્ષણ સ્નાતકના (બી.એડના )અભ્યાસક્રમમાં જોડાય છે. આ વિદ્યાર્થીઓએ શિક્ષણ સ્નાતકના અભ્યાસક્રમમાં કેટલાક ફરજિયાત (core subjects)વિષયોનો અભ્યાસ કરે છે આ ફરજિયાત વિષયો પૈકી ‘અધ્યયન અધ્યાપન’ વિષયની શૈક્ષણિક સિદ્ધિ ઉપર તેમની મૂળ સ્નાતકની પદવીના અભ્યાસની કેવી અસર થાય છે તેનો અભ્યાસ કરવામાં આવ્યો હતો.

પ્રસ્તુત સંશોધનમાં ‘નામાના મૂળતત્વો વિષયવસ્તુ’, ‘ભૂગોળ વિષયવસ્તુ’, ‘ગુજરાતી વિષયવસ્તુ’, ‘ઈતિહાસ વિષયવસ્તુ’, ‘ગણિત વિષયવસ્તુ’ અને ‘સંસ્કૃત વિષયવસ્તુ’નો સમાવેશ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત સંશોધનમાં દરેક વિષયવસ્તુના વિદ્યાર્થીઓની ‘અધ્યયન અધ્યાપન’ વિષયની શૈક્ષણિક સિદ્ધિ નો તફાવત તપાસવામાં આવેલ હતી.

**2.0 અભ્યાસના હેતુઓ**

2.1 ‘અધ્યયન અધ્યાપન’ વિષયની શૈક્ષણિક સિદ્ધિ પર ‘નામાના મૂળતત્વો વિષયવસ્તુ’ના વિદ્યાર્થીઓ અને વિવિધ વિષયવસ્તુના વિદ્યાર્થીઓની અસરનો અભ્યાસ કરવો.

2.2 ‘અધ્યયન અધ્યાપન’ વિષયની શૈક્ષણિક સિદ્ધિ પર ‘ભૂગોળ વિષયવસ્તુ’ના વિદ્યાર્થીઓ અને વિવિધ વિષય વસ્તુના વિદ્યાર્થીઓની અસરનો અભ્યાસ કરવો.

2.3 ‘અધ્યયન અધ્યાપન’ વિશેની શૈક્ષણિક સિદ્ધિ પર ‘ગુજરાતી વિષયવસ્તુ’ના વિદ્યાર્થીઓ અને વિવિધ વિષય વસ્તુના વિદ્યાર્થીઓની અસરનો અભ્યાસ કરવો.

2.4 ‘અધ્યયન અધ્યાપન’ વિષયની શૈક્ષણિક સિદ્ધિ પર ‘ઈતિહાસ વિષયવસ્તુ’ના વિદ્યાર્થીઓ અને વિવિધ વિષય વસ્તુના વિદ્યાર્થીઓની અસરનો અભ્યાસ કરવો.

2.5 ‘અધ્યયન અધ્યાપન’ વિષયની શૈક્ષણિક સિદ્ધિ પર ‘ગણિત વિષયવસ્તુ’ના વિદ્યાર્થીઓ અને વિવિધ વિષય વસ્તુના વિદ્યાર્થીઓની અસરનો અભ્યાસ કરવો.

2.6 ‘અધ્યયન અધ્યાપન’ વિષયની શૈક્ષણિક સિદ્ધિ પર ‘સંસ્કૃત વિષયવસ્તુ’ના વિદ્યાર્થીઓ અને વિવિધ વિષય વસ્તુના વિદ્યાર્થીઓની અસરનો અભ્યાસ કરવો.

**3.0 સંશોધન ઉત્કલ્પના**

પ્રસ્તુત સંશોધનમાં શૂન્ય ઉત્કલ્પનાઓ આ મુજબ રચવામાં આવી હતી.

3.1 નામાના મૂળતત્વો વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને ભૂગોળ વિષયવસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિદ્ધિ ના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

3.2 નામાના મૂળતત્વો વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને ગુજરાતી વિષયવસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિદ્ધિના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

3.3 નામાના મૂળતત્વો વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને ઇતિહાસ વિષયવસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિદ્ધિ ના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

3.4 નામાના મૂળતત્વો વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને ગણિત વિષયવસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિદ્ધિ ના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

3.5 નામાના મૂળતત્વો વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને સંસ્કૃત વિષયવસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિદ્ધિ ના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

3.6 ભૂગોળ વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને નામાના મૂળતત્વ વિષયવસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિદ્ધિ ના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

3.7 ભૂગોળ વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને ગુજરાતી વિષયવસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિદ્ધિ ના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય

3.8 ભૂગોળ વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને ઇતિહાસ વિષયવસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિદ્ધિ ના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

3.9 ભૂગોળ વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને ગણિત વિષયવસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિદ્ધિ ના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

3.10 ભૂગોળ વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને સંસ્કૃત વિષયવસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિદ્ધિના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

3.11 ગુજરાતી વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને નામાના મૂળતત્વ વિષયવસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિદ્ધિના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

3.12 ગુજરાતી વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને ભૂગોળ વિષયવસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિદ્ધિના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

3.13 ગુજરાતી વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને ઇતિહાસ વિષયવસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિદ્ધિના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

3.14 ગુજરાતી વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને ગણિત વિષયવસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિદ્ધિના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

3.15 ગુજરાતી વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને સંસ્કૃત વિષયવસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિદ્ધિના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

3.16 ઇતિહાસ વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને નામાના મૂળતત્વો વિષયવસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિદ્ધિના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

3.17 ઇતિહાસ વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને ભૂગોળ વિષયવસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિદ્ધિના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

3.18 ઇતિહાસ વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને ગુજરાતી વિષયવસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિદ્ધિના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

3.19 ઇતિહાસ વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને ગણિત વિષયવસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિદ્ધિના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

3.20 ઇતિહાસ વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને સંસ્કૃત વિષયવસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિદ્ધિના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

3.21 ગણિત વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને નામાના મૂળતત્વો વિષયવસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિદ્ધિના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

3.22 ગણિત વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને ભૂગોળ વિષયવસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિદ્ધિના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

3.23 ગણિત વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને ગુજરાતી વિષયવસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિદ્ધિના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

3.24 ગણિત વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને ઇતિહાસ વિષયવસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિદ્ધિના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

3.25 ગણિત વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને સંસ્કૃત વિષય વસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિદ્ધિના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

## 4.0 વ્યાપવિશ્વ અને નમૂનો

પ્રસ્તુત અભ્યાસ માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં શિક્ષણ સ્નાતકનો અભ્યાસ કરતા શૈક્ષણિક વર્ષ 2017, શૈક્ષણિક વર્ષ 2018 અને શૈક્ષણિક વર્ષ 2019ના નામાના મૂળતત્વો વિષયવસ્તુ, ભૂગોળ વિષયવસ્તુ, ગુજરાતી વિષયવસ્તુ ,ઇતિહાસ વિષયવસ્તુ ,ગણિત વિષયવસ્તુ અને સંસ્કૃત વિષયવસ્તુના તમામ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. નમૂના તરીકે વ્યાપવિશ્વમાં રહેલા અધ્યયન અધ્યાપન બધા જ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો પસંદ કરેલા નમૂનાની માહિતી સારણી-1 માં દર્શાવેલ છે.

**સારણી-1**

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના શિક્ષણ સ્નાતકના 2017 થી 2019 સુધીના**
**વિવિધ વિષય વસ્તુ પ્રમાણે વિદ્યાર્થીઓની સંખ્યા**

| વિષયવસ્તુ | વિદ્યાર્થીઓની સંખ્યા | | |
|---|---|---|---|
| | 2017 | 2018 | 2019 |
| નામાના મૂળતત્વો | 671 | 633 | 744 |
| ભૂગોળ | 166 | 162 | 143 |
| ગુજરાતી | 631 | 436 | 434 |
| ઇતિહાસ | 360 | 325 | 316 |
| ગણિત | 941 | 2010 | 2225 |
| સંસ્કૃત | 388 | 331 | 314 |
| | 3157 | 3897 | 4176 |

સારણી-1 મુજબ નમૂનામાં શૈક્ષણિક વર્ષ 2017 ના 3157 વિદ્યાર્થીઓ શૈક્ષણિક વર્ષ 2018 ના 3897 વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક વર્ષ 2019 ના 4176 મળીને કુલ 11230 વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

## 5.0 માહિતીનું એકત્રીકરણ અને પૃથક્કરણ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શિક્ષણ સ્નાતકના શૈક્ષણિક વર્ષ 2017 ,શૈક્ષણિક વર્ષ 2018 અને શૈક્ષણિક વર્ષ 2019 માં વિદ્યાર્થીઓએ પરીક્ષા આપેલી હતી તેવા વિદ્યાર્થીઓમાંથી નામાના મૂળતત્વો વિષયવસ્તુ, ભૂગોળ વિષયવસ્તુ, ગુજરાતી વિષયવસ્તુ, ઇતિહાસ વિષયવસ્તુ, ગણિત વિષયવસ્તુ અને સંસ્કૃત વિષયવસ્તુ રાખેલ હોય તેવા વિદ્યાર્થીઓના શિક્ષણ સ્નાતકના ફરજીયાત વિષય બાળપણ અને ઊછેર ના વિદ્યાર્થીઓના ગુણ યુનીવર્સીટીના રેકર્ડ પરથી મેળવવામાં આવ્યા હતા.દરેક વિષય વસ્તુના વિદ્યાર્થીઓના ગુણની સરાસરી શોધવામાં આવી હતી. આમ નામાના મૂળતત્વો વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને અન્ય વિષયના વિષયવસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિધ્ધિના સરાસરીના તફાવતની સાર્થકતા ટી-કસોટી વડે શોધવામાં આવી હતી. જે સારણી-2માં દર્શાવેલ છે.

આજ રીતે દરેક વિષય વસ્તુના વિદ્યાર્થીઓ અને અન્ય વિષયવસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષય વસ્તુની શૈક્ષણિક સિદ્ધિના સરાસરી પ્રપ્તાંકોના તફાવતની સાર્થકતા ટી કસોટી દ્વારા તપાસવામાં આવી હતી. જે અનુક્રમે સારણી-3, સારણી-4, સારણી-5 અને સારણી-6 માં દર્શાવેલ છે.

**સારણી-2**

**નામાના મૂળતત્વો વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને અન્ય વિષયવસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિદ્ધિ ના તફાવતનુ ટી મૂલ્ય**

| CC-6 | | | |
|---|---|---|---|
| GROUP | 2017 | 2018 | 2019 |
| ના.મૂ.-ભૂગોળ | 1.999 | -4.082 | 0.456 |
| ના.મૂ.-ગુજરાતી | 6.931 | 5.214 | 5.711 |
| ના.મૂ.-ઇતિહાસ | 3.956 | -3.001 | -0.391 |
| ના.મૂ.-ગણિત | 0.209 | -0.286 | -3.056 |
| ના.મૂ.-સંસ્કૃત | -0.455 | 0.103 | -0.651 |

(1) નામાના મૂળતત્વો વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને ભૂગોળ વિષય વસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિદ્ધિના સરાસરી પ્રાપ્તાંકો શૈક્ષણિક વર્ષ 2018માં વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો જેમાં શૈક્ષણિક વર્ષ 2018 માં ભૂગોળ વિષયવસ્તુના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સુધી ઉંચી જોવા મળી હતી

(2) નામાના મૂળતત્વો વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને ગુજરાતી વિષયવસ્તુ વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિદ્ધિ ના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે શૈક્ષણિક વર્ષ 2017, 2018 અને 2019માં સાર્થક તફાવત જોવા મળ્યો હતો. જેમાં શૈક્ષણિક વર્ષ2017, 2018 અને શૈક્ષણિક વર્ષ 2019મા નામાના મૂળતત્વો વિષયનીશૈક્ષણિક સિદ્ધિ ઊંચી જોવા મળી હતી

(3) નામાના મૂળતત્વો વિષય વસ્તુના વિદ્યાર્થીઓ અને ઇતિહાસ વિષયવસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિદ્ધિ ના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે શૈક્ષણિક વર્ષ 2017 અને 2018 માં સાર્થક તફાવત જોવા મળ્યો હતો જેમાં વર્ષ 2017માં નામાના મૂળતત્વો વિષયવસ્તુના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ ઉચી જોવા મળી હતી અને વર્ષ 2018માં ઈતિહાસ વિષયની શૈક્ષણિક સિદ્ધિ ઉંચી જોવા મળી હતી.

(4) નામાના મૂળતત્વો વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને ગણિત વિષયવસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિદ્ધિ ના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે શૈક્ષણિક વર્ષ 2019 માં સાર્થક તફાવત જોવા મળ્યો હતો આમ શૈક્ષણિક વર્ષ 2019 માં ગણિત વિષય વસ્તુના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ ઊંચી જોવા મળી હતી

(5) નામાનામૂળતત્વો વિષય વસ્તુના વિદ્યાર્થીઓ અને સંસ્કૃત વિષય વસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિદ્ધિ ના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે શૈક્ષણિક વર્ષ 2017,2018 અને 2019માં સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો

**સારણી-3**

**ભૂગોળ વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને અન્ય વિષય વસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિદ્ધિ ના તફાવતનું ટી મૂલ્ય**

| CC-6 | | | |
|---|---|---|---|
| GROUP | 2017 | 2018 | 2019 |
| ભૂગોળ - ના.મૂ. | -1.999 | 4.082 | -0.456 |
| ભૂગોળ -ગુજરાતી | 2.337 | 6.552 | 3.315 |
| ભૂગોળ -ઇતિહાસ | 0.804 | 1.189 | -0.706 |
| ભૂગોળ –ગણિત | -2.105 | 4.144 | -2.296 |
| ભૂગોળ -સંસ્કૃત | -2.239 | 3.522 | -0.873 |

(1) ભૂગોળ વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને નામાના મૂળતત્વ વિષય વસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિધ્દ્દિના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે શૈક્ષણિક વર્ષ 2018માં સાર્થક તફાવત જોવા મળ્યો હતો જેમાં શૈક્ષણિક વર્ષ 2018 માં ભૂગોળ વિષયવસ્તુના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સુધી ઉંચી જોવા મળી હતી

(2) ભૂગોળ વિષય વસ્તુના વિદ્યાર્થીઓ અને ગુજરાતી વિષયવસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિધ્દ્દિના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે શૈક્ષણિક વર્ષ 2018 અને શૈક્ષણિક વર્ષ 2019 માં સાર્થક તફાવત જોવા મળ્યો હતો આમ શૈક્ષણિક વર્ષ 2018 અને શૈક્ષણિક વર્ષ 2019ના વર્ષ દરમિયાન ભૂગોળ વિષયવસ્તુના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિધ્દ્દિ ઉંચી જોવા મળી હતી.

(3) ભૂગોળ વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને ઇતિહાસ વિષયવસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિધ્દ્દિ ના સરાસરી પ્રાપ્તાકો વચ્ચે શૈક્ષણિક વર્ષ 2017 અને શૈક્ષણિક વર્ષ 2018 અને 2019 મા સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો

(4) ભૂગોળ વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને ગણિત વિષય વસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિધ્દ્દિના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે શૈક્ષણિક વર્ષ 2018માં સાર્થક તફાવત જોવા મળ્યો હતો જેમાં શૈક્ષણિક વર્ષ 2018 માં ભૂગોળ વિષય વસ્તુના વિદ્યાર્થીઓ શૈક્ષણિક સિધ્દ્દિ ઉંચી જોવા મળી હતી.

(5)ભૂગોળ વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને સંસ્કૃત વિષય વસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિધ્દ્દિના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે શૈક્ષણિક વર્ષ 2018માં સાર્થક તફાવત જોવા મળ્યો હતો જેમાં શૈક્ષણિક વર્ષ 2018 માં ભૂગોળ વિષય વસ્તુના વિદ્યાર્થીઓ શૈક્ષણિક સિધ્દ્દિ ઉંચી જોવા મળી હતી.

**સારણી-4**

**ગુજરાતી વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને અન્ય વિષય વસ્તુઓના વિદ્યાર્થીઓનો અધ્યયન અધ્યાપન વિશેની શૈક્ષણિક સિધ્દ્દિ ના તફાવતનું ટી મૂલ્ય**

| CC-6 | | | |
|---|---|---|---|
| **GROUP** | **2017** | **2018** | **2019** |
| ગુજરાતી- ના.મૂ. | -6.931 | -5.214 | -5.711 |
| ગુજરાતી- ભૂગોળ | -2.337 | -6.552 | -3.315 |
| ગુજરાતી-ઇતિહાસ | -2.180 | -6.479 | -5.176 |
| ગુજરાતી-ગણિત | -9.467 | -6.852 | -10.146 |
| ગુજરાતી-સંસ્કૃત | -6.919 | -4.102 | -5.353 |

(1) ગુજરાતી વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને નામાના મૂળતત્વો વિષયવસ્તુ વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિધ્દ્દિના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે શૈક્ષણિક વર્ષ2017, 2018 અને 2019 માં સાર્થક તફાવત જોવા મળ્યો હતો. જેમાં શૈક્ષણિક વર્ષ 2017, 2018 અને શૈક્ષણિક વર્ષ 2019મા નામાના મૂળતત્વો વિષયનીશૈક્ષણિક સિધ્દ્દિ ઊંચી જોવા મળી હતી

(2) ગુજરાતી વિષય વસ્તુના વિદ્યાર્થીઓ અને ભૂગોળ વિષયવસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિધ્દ્દિના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે શૈક્ષણિક વર્ષ 2018 અને શૈક્ષણિક વર્ષ 2019 માં સાર્થક તફાવત જોવા મળ્યો હતો આમ શૈક્ષણિક વર્ષ 2018 અને શૈક્ષણિક વર્ષ 2019 ના વર્ષ દરમિયાન ભૂગોળ વિષયવસ્તુના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સિધ્દ્દિ ઉંચી જોવા મળી હતી.

(3) ગુજરાતી વિષય વસ્તુના વિદ્યાર્થીઓ અને ભૂગોળ વિષયવસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિધ્દ્દિના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે શૈક્ષણિક વર્ષ 2018 અને શૈક્ષણિક વર્ષ 2019 માં સાર્થક તફાવત જોવા મળ્યો હતો આમ

શૈક્ષણિક વર્ષ 2018 અને શૈક્ષણિક વર્ષ 2019 ના વર્ષ દરમિયાન ઈતિહાસ વિષયવસ્તુના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સિદ્ધિ ઉંચી જોવા મળી હતી.

(4) ગુજરાતી વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને ગણિત વિષયવસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિદ્ધિ સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે શૈક્ષણિક વર્ષ 2017 શૈક્ષણિક વર્ષ 2018 અને શૈક્ષણિક વર્ષ 2019 માં સાર્થક તફાવત જોવા મળ્યો હતો શૈક્ષણિક વર્ષ 2017 શૈક્ષણિક વર્ષ 2018 અને શૈક્ષણિક વર્ષ 2019 માં ગણિત વિષય વસ્તુના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સીધી ઊંચી જોવા મળી હતી.

(5) ગુજરાતી વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને સંસ્કૃત વિષય વસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિદ્ધિના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે શૈક્ષણિક વર્ષ 2017 શૈક્ષણિક વર્ષ 2018 અને શૈક્ષણિક વર્ષ 2019 માં તફાવત જોવા મળ્યું હતું. આમ શૈક્ષણિક વર્ષ 2017 શૈક્ષણિક વર્ષ 2018 અને શૈક્ષણિક વર્ષ 2019 માં સંસ્કૃત વિશે વસ્તુના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સિદ્ધિ ઉંચી જોવા મળી હતી.

**સારણી-5**

**ઇતિહાસ વિષય વસ્તુના વિદ્યાર્થીઓ અને અન્ય વિષયવસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિદ્ધિ ના તફાવતનું ટી મૂલ્ય**

| CC-6 | | | |
|---|---|---|---|
| **GROUP** | **2017** | **2018** | **2019** |
| ઇતિહાસ- ના.મૂ. | -3.956 | 3.001 | 0.391 |
| ઇતિહાસ-ભૂગોળ | -0.804 | -1.189 | 0.706 |
| ઇતિહાસ-ગુજરાતી | 2.180 | 6.479 | 5.176 |
| ઇતિહાસ-ગણિત | -5.058 | 3.287 | -1.872 |
| ઇતિહાસ-સંસ્કૃત | -4.117 | 2.539 | -0.234 |

(1) ઇતિહાસ વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને નામાના મૂળતત્વ વિષયવસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિદ્ધિ ના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે શૈક્ષણિક વર્ષ 2017 અને 2018 માં સાર્થક તફાવત જોવા મળ્યો હતો જેમાં 2017માં નામાના મૂળતત્વો વિષયવસ્તુના અને 2018માં ઈતિહાસ વિષયના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ ઉચી જોવા મળી હતી

(2) ઇતિહાસ વિષય વસ્તુના વિદ્યાર્થીઓ અને ભૂગોળ વિષયવસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિદ્ધિના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે શૈક્ષણિક વર્ષ 2017 શૈક્ષણિક વર્ષ 2018 અને શૈક્ષણિક વર્ષ 2019 માં સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો

(3) ઇતિહાસ વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને ગુજરાતી વિષયવસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષય ની શૈક્ષણિક સિદ્ધિ ના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે શૈક્ષણિક વર્ષ 2018 અને 2019 મા સાર્થક તફાવત જોવા મળ્યો હતો. આમ ઇતિહાસ વિષયવસ્તુના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ ઉંચી જોવા મળી હતી.

(4) ઇતિહાસ વિષય વસ્તુના વિદ્યાર્થીઓ અને ગણિત વિષય વસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિદ્ધિ ના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે શૈક્ષણિક વર્ષ 2017 અને શૈક્ષણિક વર્ષ 2018 માં સાર્થક તફાવત જોવા મળ્યો હતો આમ શૈક્ષણિક વર્ષ 2017 માં ગણિત વિષયના તથા શૈક્ષણિક વર્ષ 2018માં ઈતિહાસ વિષય વસ્તુના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ ઉંચી જોવા મળી હતી.

(5) ઇતિહાસ વિષય વસ્તુના વિદ્યાર્થીઓ અને સંસ્કૃત વિષય વસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિદ્ધિના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે શૈક્ષણિક વર્ષ 2017માં સાર્થક તફાવત જોવા મળ્યો હતો આમ શૈક્ષણિક વર્ષ 2017માં સંસ્કૃત વિષય વસ્તુના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સિધ્ધી ઊંચી જોવા મળી હતી.

**સારણી-6**

**ગણિત વિષય વસ્તુના વિદ્યાર્થીઓની અને અન્ય વિષયવસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિધ્ધિ ના તફાવતનું ટી મૂલ્ય**

| CC-6 | | | |
|---|---|---|---|
| **GROUP** | **2017** | **2018** | **2019** |
| ગણિત-ના.મૂ. | -0.209 | 0.286 | 3.056 |
| ગણિત -ભૂગોળ | 2.105 | -4.144 | 2.296 |
| ગણિત -ગુજરાતી | 9.467 | 6.852 | 10.146 |
| ગણિત-ઇતિહાસ | 5.058 | -3.287 | 1.872 |
| ગણિત-સંસ્કૃત | -0.775 | 0.344 | 1.540 |

(1) ગણિત વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને નામાના મૂળતત્વ વિષયવસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિધ્ધિના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે શૈક્ષણિક વર્ષ 2019 માં સાર્થક તફાવત જોવા મળ્યો હતો આમ શૈક્ષણિક વર્ષ 2019 માં ગણિત વિષય વસ્તુના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિધ્ધિ ઊંચી જોવા મળી હતી

(2) ગણિત વિષય વસ્તુના વિદ્યાર્થીઓ અને ભૂગોળ વિષય વસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિધ્ધિના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે શૈક્ષણિક વર્ષ 2018માં સાર્થક તફાવત જોવા મળ્યો હતો જેમાં શૈક્ષણિક વર્ષ 2018 માં ભૂગોળ વિષય વસ્તુના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિધ્ધિ ઉંચી જોવા મળી હતી.

(3) ગણિત વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને ગુજરાતી વિષયવસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિધ્ધિ સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે શૈક્ષણિક વર્ષ 2017 શૈક્ષણિક વર્ષ 2018 અને શૈક્ષણિક વર્ષ 2019 માં સાર્થક તફાવત જોવા મળ્યો હતો શૈક્ષણિક વર્ષ 2017 ,શૈક્ષણિક વર્ષ 2018 અને શૈક્ષણિક વર્ષ 2019 માં ગણિત વિષય વસ્તુના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સીધી ઊંચી જોવા મળી હતી.

(4) ગણિત વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને ઇતિહાસ વિષય વસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિધ્ધિ ના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે શૈક્ષણિક વર્ષ 2017 અને શૈક્ષણિક વર્ષ 2018માં સાર્થક તફાવત જોવા મળ્યો હતો આમ શૈક્ષણિક વર્ષ 2017માં ગણિત વિષયના અને શૈક્ષણિક વર્ષ 2018 ઇતિહાસ વિષય વસ્તુના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિધ્ધિ ઉંચી જોવા મળી હતી.

(5) ગણિત વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને સંસ્કૃત વિષય વસ્તુના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની શૈક્ષણિક સિધ્ધિ ના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે શૈક્ષણિક વર્ષ 2017,2018 અને 2019 માં સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો

## 6.0 અભ્યાસના તારણો

(1) ગુજરાતી વિષયવસ્તુના વિદ્યાર્થીઓ કરતા નામાના મૂળતત્વો વિષય વસ્તુઓનાવિદ્યાર્થીઓ અધ્યયન અધ્યાપન વિષયની સિધ્ધિ વધુ જોવા મળી હતી.

(2) નામાના મૂળતત્વો વિષયવસ્તુના વિદ્યાર્થીઓ કરતા ગણિત વિષય વસ્તુઓના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની સિધ્ધિ વધુ જોવા મળી હતી.

(3) ગુજરાતી વિષયવસ્તુના વિદ્યાર્થીઓ કરતા ભૂગોળવિષય વસ્તુઓના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની સિધ્ધિ વધુ જોવા મળી હતી.

(4) ઇતિહાસ વિષયવસ્તુના વિદ્યાર્થીઓ અને ભૂગોળ વિષય વસ્તુઓના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની સિધ્ધિ સમાન જોવા મળી હતી.

(5) ગુજરાતી વિષયવસ્તુના વિદ્યાર્થીઓ કરતા ગણિત વિષય વસ્તુઓના વિદ્યાર્થીઓનીઅધ્યયન અધ્યાપન વિષયની સિદ્ધિ વધુ જોવા મળી હતી.
(6) ગુજરાતી વિષયવસ્તુના વિદ્યાર્થીઓ કરતા સંસ્કૃત વિષય વસ્તુઓના વિદ્યાર્થીઓની અધ્યયન અધ્યાપન વિષયની સિદ્ધિ વધુ જોવા મળી હતી.
(7) ઇતિહાસવિષયવસ્તુના વિદ્યાર્થીઓ કરતા ગણિત વિષય વસ્તુઓના વિદ્યાર્થીઓનીઅધ્યયન અધ્યાપન વિષયની સિદ્ધિ વધુ જોવા મળી હતી.
(8) ઇતિહાસ વિષયવસ્તુના વિદ્યાર્થીઓ કરતા સંસ્કૃત વિષય વસ્તુઓના વિદ્યાર્થીઓનીઅધ્યયન અધ્યાપન વિષયની સિદ્ધિ વધુ જોવા મળી હતી.

International Research Journal
IJNRD
Research Through Innovation